વ્યક્તિના વિકાસ અને પતનના પાયામાં, આશાઓ અને નિરાશાઓ જ કારણભૂત હોય છે
- અબ્રાહમ લિંકન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૧ | ૩૦ જુલાઇ ૨૦૧૨, સોમવાર, શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગ્રામીણ વિસ્તાર માટે અલાયદી આવાસ નીતિ

### ૧૫મી ઓગષ્ટ બાદ મુખ્યમંત્રી મોદી દ્વારા વિધિવત ઘોષણા : તંત્ર દ્વારા સર્વેની કામગીરી ઝડપી બનાવાઈ, વિરોધીઓને પરાસ્ત કરવા વિકાસના મંત્ર સાથે મોદી આગળ વધે તેવા સ્પષ્ટ સંકેત

ગાંધીનગર, તા.૨૯

ગ્રામીણ વિસ્તારના કાચા આવોસોને બદલે પાકા ધાબાવાળા આવાસોની નવી નીતિ રાજય સરકાર દ્વારા સક્રિય વિચારણા હેઠળ છે અને આ અંગેની ઘોષણા ૧૫મી ઓગષ્ટ કે તેની આસપાસ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગત મુજબ પંચાયતી રાજની શતાબ્દી મહોત્સવની ઉજવણી દરમિયાન રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ અંગે ઘોષણા કરી 'નોંધરાનો આધાર' એવા ચૂંટણી વચનના પાલનની દિશામાં વધુ એક મહત્વના અમલીકરણ તરફ આગે કદમ ભરશે.

મળતી વિગતો મુજબ રાજયમાં હાલ કાચા મકાન અંગેના સર્વેની કામગીરી હાથ ધરવા માટેની સૂચના પણ તંત્રને આપી દેવામાં આવી છે અને ૧૦ જ દિવસમાં તે અંગેની જિલ્લાવાર વિગતો એકત્ર થઈ ગયા બાદ સરકાર તેની નીતિને આખરી ઓપ આપી દેશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ અત્યાર સુધી વિરોધીઓના વાર જિલી રહેલા મોદી પણ હવે ઈંટનો જવાબ પત્થરથી આપવા કટિબધ્ધ બન્યા છે અને તેઓ ૧૫મી ઓગષ્ટ પછી અત્યંત આક્રમક બની તેમના વિરોધીઓ પર તૂટી પડશે.

આ વર્તુળોએ જણાવ્યું છે કે ગરીબ કલ્યાણ મેળાઓ અને વણથંભી વિકાસ યાત્રાના કાર્યક્રમોનું આયોજન કરી સરકાર દ્વારા ચોતરફી વિકાસનું એક નવતર અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

આગામી ૧૫મી ઓગષ્ટથી પંચાયતી રાજની જન્મ શતાબ્દીની ઉજવણીનો પણ વિધિવત આરંભ કરાશે અને તેમાં પંચાયત ક્ષેત્રે સેવાઓ આપી ચુકેલા મહાનુભાવોના સન્માન સહિતના કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આવાસ નીતિ ઉપરાંત અન્ય કેટલીક મહત્વની નીતિ વિષયક જાહેરાતો સરકાર દ્વારા આગામી દિવસોમાં કરી દેવાશે.

# મેડીકલ કૉલેજની એન.આર.આઈ. બેઠકોનું કાઉન્સીલીંગ મોકૂફ રહ્યું

### મેરીટ યાદી જાહેર કરાયા બાદ બોલાવાયેલા વિદ્યાર્થીઓ કાર્યવાહી મુલતવી રહેતાં મુશ્કેલીમાં મુકાયા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજય મેડીકલ એજયુકેશન અને રીસર્ચ સોસાયટી દ્વારા મેડીકલ કોલેજમાં ફકત થિયરીના માર્કના આધારે જ એડમીશન આપવામાં આવે છે ત્યારે મહારાષ્ટ્ર બોર્ડ દ્વારા થીયરી અને પ્રકટીકલના માર્ક જોડે આપે છે જેના કારણે સોસાયટીએ મહારાષ્ટ્ર બોર્ડના છ વિદ્યાર્થીઓની એડમીશન અરજી રદ કરી દીધી હતી તેમજ ગાંધીનગર સહિતની પાંચ મેડીકલ કોલેજના એનઆરઆઈ કવોટાની ૧૧૫ સીટ ભરવા માટે કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી ત્યારે મહારાષ્ટ્ર બોર્ડના એક વિદ્યાર્થીએ પ્રવેશ પ્રક્રિયા અંગે હાઈકોર્ટમાં અરજી કરતા હાલ પુરતી એનઆરઆઈ સીટની પ્રવેશ કાર્યવાહી મોકુફ રાખવામાં આવી છે તેમાં પણ ખાસ કરીને ડીપેન્ડેન્ડ એનઆરઆઈની પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

ગાંધીનગર સહિત વડોદરાની ગોતરી, સોલા, પાટણ અને વલસાડની મેડીક કોલેજમાં એડમીશન માટે ગુજરાત રાજય મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં જનરલ કવોટાની સીટો ભરાઈ ગઈ છે જયારે કુલ બેઠકની ૧૫ ટકા જેટલી એન.આર.આઈ. સીટો માટે ૩૮૮ ફોર્મ આવ્યા હતા. જેમાંથી ૨૧ અરજીઓ રદ થતાં ૩૬૭નું મેરીટ બે દિવસ પહેલા બહાર પાડવામાં આવ્યું હતું અને આજે તેની પ્રવેશ પ્રક્રિયા કરવાની હતી તે દરમિયાન જ મહારાષ્ટ્ર બોર્ડના એક વિદ્યાર્થીએ ગુજરાત રાજય મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની એડમીશન સિસ્ટમ અંગે હાઈકોર્ટમાં અરજી કરી છે. હાઈકોર્ટમાં અરજી કરતાં સોસાયટીના અધિકારીઓએ એન.આર.આઈ. કવોટાની સીટો માટેની પ્રવેશ પ્રક્રિયા હાલ પુરતી મોકુફ કરી દીધી છે. આ અંગે સોસાયટીના આંતરીક સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જીએમઈઆરએસ દ્વારા આ પાંચ કોલેજની ૧૧૫ એન.આર.આઈ. સીટ માટે થિયરીના અને પ્રેકટીકલના માર્કસ સાથે આપવાના કારણે મહારાષ્ટ્ર બોર્ડના ૬ વિદ્યાર્થીઓની અરજી રદ કરવામાં આવી હતી. જેમાંના એક વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી છે. એન.આર.આઈ. કવોટની પ્રવેશ પ્રક્રિયા માટે હાઈકોર્ટમાં અરજી થતા ડીપેન્ડેન્ટ એન.આર.આઈ.ના એડમીશન હાલ પુરતા બંધ કરી દેવામાં આવ્યા છે. હવે કોર્ટના આદેશ પ્રમાણે એન.આર.આઈ. કવોટાની સીટો ભરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ તો મેરીટના આધારે જેન્યુઅન એન.આર.આઈ.ના છ વિદ્યાર્થીઓએ પોતાના એડમીશન મેળવી લીધા છે.



જીવન ચલને કા નામ : ચાલતા રહેવું જ એ જેમનો ક્રમ છે એવા આ રાજસ્થાનવાસી માલધારીઓ ચોમાસામાં વરસાદના સમાચાર સાથે જ પોતાના વતન તરફની વાટ પકડી રહ્યા હતા ત્યારે તેઓ કેમેરામાં ઝડપાઈ ગયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



શ્રદ્ધાપૂર્વક ચાલેલું દશામાનું વ્રત રવિવારે વિરામ પામ્યું છે. રવિવારે સવારે ભક્તોએ દશામા તથા સાંઢણીની પ્રતિમાનું ભાવપૂર્વક નદીમાં વિસર્જન કર્યું હતું.

# કેશુભાઇના બંગલે આજે નિર્ણાયક બેઠક : નવી પાર્ટીના ઉદયની તૈયારી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં ચૂંટણી લડવા માટે સજ્જ બનેલા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને નવી પાર્ટીના ઉદયની તૈયારી થઈ રહી છે. તેમના નિવાસે ૩૦મી જુલાઈએ મહત્વની બેઠક મળી રહી છે જે નિર્ણાયક બની રહેશે.

**નવી પાર્ટીના ઘડવૈયા સુરેશ મહેતા હશે**

આ બેઠકમાં નવી પાર્ટીનું બંધારણ, તેનું નામ, અને પાર્ટીમાં હોદ્દેદારો અંગે વ્યૂહરચના ગોઠવવામાં આવનાર છે, એ ઉપરાત તેમાં એ પણ નક્કી થશે કે આગામી દિવસોમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કેટલા સંમેલન ક્યાં ક્યાં કરવાના થાય છે.

કેશુભાઈ પટેલ અને તેમના સાથીદારોએ ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારો શોધવાની કવાયત શરૂ કરી દીધી છે. તેમની પાર્ટીમાં બીજા મોટા માંથા ક્યા જોડાય તે હજી નક્કી નથી પરંતુ ભાજપ અને કોંગ્રેસમાં જેમને ટીકીટ નહીં મળે તેવા આગેવાનો નવી પાર્ટીમાં જોડાશે તેવું માનવામાં આવે છે.

કેશુભાઈની નવી પાર્ટીના ઘડવૈયાની જવાબદારી સુરેશ મહેતાએ ઉપાડી લીધી છે. ગોરધન ઝડફિયાની પાર્ટીના વિલિનીકરણની તૈયારી પણ સાથે સાથે કરવામાં આવી છે. કાશીરામ રાણાને દક્ષિણની જવાબદારી આપવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં હજી તંત્ર ગોઠવાઈ રહ્યું છે.

# ગુજરાતમાં વાયબ્રન્સી સાથે ઈલેક્શન ઓગષ્ટથી જાન્યુઆરી ભરચક રહેશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે રાજ્ય સરકારે એકસાથે ૨૨ જેટલા કાર્યક્રમો જાહેર કર્યા છે જે ઓગષ્ટ થી જાન્યુઆરી મહિના દરમ્યાન યોજાશે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાય તે પહેલાં થનારા આ સેમિનાર અને એક્ઝિબીશનમાં રાજ્ય સરકારના અધિકારીઓ હિસ્સો લેશે.

ઓગષ્ટ અને સપ્ટેમ્બરના કાર્યક્રમોમાં મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહી શકશે પરંતુ ઓક્ટોબરમાં ચૂંટણીની આચાર સંહિતા આવી જશે તો મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો તેમાં ભાગ લઈ શકશે નહીં.

ભાવિ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે ૮ અને ૯ ઓગષ્ટના રોજ અમદાવાદની હોટલ ગ્રાન્ડ ભગવતીમાં એક સેમિનાર યોજાવાનો છે જેનું આયોજન જીઆઈડીબી અને સીઆઈઆઈ સંસ્થાએ કર્યુંછે.

૧૦ થી ૧૨ ઓગષ્ટના રોજ કોલંબોમાં શ્રીલંકા પાસ્ટનું આયોજન છે જેમાં પ્રદર્શનમાં ભાગ લેવમાં આવશે. ઓટો સેક્ટર અંગે ઓગષ્ટમાં મહાત્મા મંદિરમાં એક સેમિનાર યોજાશે જેમાં ઈન્ડેક્ષ્ટ-બી અને સીઆઈઆઈ પાર્ટનગર છે. ઈન્ડિયા ઓટોમોટીવ ઈન્ડસ્ટ્રીઝ, ફોકસ ઓન પેસેન્જર વ્હિકલ તેનો વિષય છે.

આ મહિનામાં જ વોટર કન્ઝર્વેશન એન્ડ ટેકનોલોજી ફોર ટ્રીટમેન્ટ વિષય ઉપર મહાત્મા મંદિરમાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં પણ સીઆઈઆઈ પાર્ટનર છે.

સપ્ટેમ્બર મહિનામાં માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટેનો એક સેમિનાર મહાત્મા મંદિરમાં યોજાવાનો છે. એ ઉપરાંત ૩ થી ૫ સપ્ટેમ્બરે કન્વેન્શન ઓફ એગ્રી બિઝનેસ એન્ડ ટેકનોલોજી ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ૩ થી ૬ સપ્ટેમ્બરે મહાત્મા મંદિરમાં એગ્રીટેક એશિયા ઉપર એક્ઝીબિશન રાખવામાં આવ્યું છે. ઈમર્જીંગ ટુરિઝમ હબ ઉપર ૧૨મી સપ્ટેમ્બરે ફીક્કીની પાર્ટનરશીપમાં એક સેમિનાર યોજાશે. કન્વેન્શન ઓફ સ્કીલ ડેવલપમેન્ટ ઉપર પણ મહાત્મા મંદિરમાં સેમિનાર યોજાશે.

૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે ઈન્ડિયા મેન્યુફેકચરીંગ શો બેંગ્લોરમાં યોજાશે જેમાં ગુજરાત હિસ્સો લેશે. ૨૯મીએ મહાત્મા મંદિરમાં ટેકનિકલ ટેક્સટાઈલ અંગે સેમિનાર યોજાશે.

મુંબઈમાં ૪ થી ૬ ઓક્ટોબરે ઈન્ડિયા કેમ અને કોલકતામાં ૫ થી ૮ ઓક્ટોબરે યોજાનારા ઈન્ડિયા પ્લાસમાં ગુજરાત પાર્ટીશિપેશન કરશે.

નવેમ્બરમાં પણ ત્રણ કાર્યક્રમો યોજાશે જેમાં ૨૨ તી ૨૫ નવેમ્બર દરમ્યાન જયપુરમાં ટેક્સટાઈલ અને એપેરલ્સમાં ગુજરાત પાર્ટનર છે તેમજ સ્પેશયાલિટી કેમિકલ્સમાં ૩૦મીએ અમદાવાદમાં સેમિનાર યોજાશે. આ જ મહિનામાં માઈનીંગ કોન્કલેવ યોજાશે.

ડિસેમ્બરમાં મહાત્મા મંદિરમાં ઈનોવેશન ઉપર કન્વેન્શન અને એનવાયરમેન્ટલ ટેકનોલોજી ઉપર સેમિનાર યોજાશે. ૨ થી ૭ ડિસેમ્બરે રાષ્ટ્રીય એક્ઝિબીશન મુંબઈમાં છે જેનું ગુજરાત પાર્ટનર બન્યું છે.

સુરતમાં ૪ થી ૮ જાન્યુઆરીએ સ્પાર્કલ ઈન્ટરનેશનલ અને ૮ થી ૯ જાન્યુઆરીએ મહાત્મા મંદિરમાં કોલોરન્ટ્સ ઉપર કન્વેન્શનનુંઆયોજન કરવામાં આવ્યું છે, જ્યારે ૯ થી ૧૦ જાન્યુઆરીએ મહાત્મા મંદિરમાં એજ્યુકેશન ઉપર રાઉન્ડ ટેબલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ થશે.

## ચૂંટણી પરિણામ જે આવવું હોય તે આવે, વહીવટી તંત્ર જડબેસલાક

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં ચૂંટણીની મોસમ છે પરંતુ રાજ્ય સરકારના કાર્યક્રમો અટકવાના નથી, કારણ કે મુખ્યમંત્રીની સૂચનાથી બનાવવામાં આવેલા કાર્યક્રમોના રોડ મેપમાં આગામી છ મહિના ભરચક બતાવવામાં આવ્યા છે.

એક તરફ ચૂંટણીનો થાક અને બીજી તરફ સેમિનારોની રફતાર.. આ જોતાં એવું લાગે છે કે વાયબ્રન્સી સાથે ઈલેકશનની મોસમ ખિલી ઉઠશે. મુખ્યમંત્રીને ચૂંટણી જીતી જવાનો એટલો બધો વિશ્વાસ છે કે તેઓએ ચૂંટણી પછી પણ કાર્યક્રમો નક્કી કરી દીધાં છે.

૨૦૧૨ની ચૂંટણી બન્ને પાર્ટીઓ માટે અસ્તિત્વનો જંગ સમી બની રહેવાની છે. બીજી તરફ કેશુભાઈ પટેલની પાર્ટી મરણિયો જંગ ખેલવાની છે ત્યારે કેવી વિધાનસભા બનશે તે નિશ્ચિત નથી.

શું કોંગ્રેસ આવશે તો આ કાર્યક્મો ચાલુ રાખશે... મોદી ફરીથી ગુજરાતના મુખ્યમંત્રી બનશે તો રાષ્ટ્રીય ફલક ઉપર જવાની તૈયારી કરશે...મોદી જો દિલ્હી જશે તો ગુજરાતમાં મુખ્યમંત્રી કોણ બનશે...કેશુભાઈ પટેલને નિષ્ફળતા મળી તો તેમનું શું થશે... આ પ્રકારના પ્રશ્નો ગુજરાતની પ્રજાને સતાવી રહ્યાં છે. પરિણામ જે આવવું હોય તે આવે, ગુજરાતનું વહીવટી તંત્ર છ મહિના તો જડબેસલાક બની ગયું છે.

**ઉદ્યોગ વિભાગ દ્વારા નેશનલ-ઈન્ટરનેશનલ સેમિનાર એક્ઝિબીશન અને કોન્ફરન્સનો રોડ મેપ તૈયાર કરાયો**

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

